ગાંધીનગર સમાચાર

શિયાળુ ખેતી પર હવામાન પલટાની ગંભીર અસર

# સે-૫-એમાં બ્રહ્માકુમારીઝનો રાજયોગ શિબિર

## સવારે અને સાંજે બે શિડયુલમાં આયોજિત ત્રિ દિવસીય શિબિરમાં રાજગોય દ્વારા માનસિક તણાવ દૂર કરી શારિરીક ક્ષમતા અને આત્મ વિશ્વાસમાં વધારો કરવાનું શીખવાડાય છે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સે-૫-એમાં પ્લોટ નં. ૨૩૬/૧ ખાતે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ત્રિદિવસીય રાજયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા. ૭મી ફેબ્રુઆરી રવિવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજયોગ શિબિર સવારે ૮.૩૦ થી ૯.૧૫ અને સાંજે ૪.૩૦ થી ૫.૧૫ વાગ્યા દરમિયાન એમ બે શિડયુલમાં યોજાય છે.

વર્તમાન જગત ભૌતિક સાધનોથી સંપન્ન અને ધર્મિષ્ઠ હોવા છતાં પણ જીવનમાં માનસિક તણાવ, દુઃખ, અશાંતિ અને ભય જ વધી રહ્યો છે. જેના ફળ સ્વરૂપે પ્રત્યેક માનવી મનની શાંતિ, શારિરીક સ્વસ્થતા અને માનવીય ધર્મની શોધમાં ભટકે છે અને તે પ્રાપ્ત કરવા પરમાત્માને સતત આજીજી કરે છે. મનની એકાગ્રતા અને યાદશકિત ઘટી જવી, શારિરીક બિમારીઓથી પરેશાન થવું, આત્મવિશ્વાસમાં ઉણપ આવવી, અનેક સમસ્યાઓથી ઘેરાયેલા રહેવું આ બધા લક્ષણો હવે સામાન્ય બનતા જાય છે. આ સંજોગોમાં રાજયોગ દ્વારા



માનવી મનને શાંત તથા એકાગ્ર કરી ફરી આત્મવિશ્વાસ મજબુત કરી શકે છે અને જેના કારણે માનસિક તણાવ વગેરે દૂર થતા શારિરીક ક્ષમતા પણ વધી શકે છે. ગાંધીનગરમાં રાજયોગ શીખવવા માટે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સે-૫-એ ખાતે ત્રિ દિવસીય રાજયોગ શિબિરનું આયોજન કરાયું છે. જેમાં મોટી સંખ્યામાં નગરજનો સામેલ થઈ રહ્યાં છે.

રાજયોગ શિબિરનો પ્રારંભ રવિવારે સવારે કરાયો હતો. ત્રણ દિવસ દરમિયાન સવારે અને સાંજે એમ દિવસમાં બે વાર શિબિર યોજાય છે. રાજયોગ શિબિરમાં વિવિધ યોગ, ધ્યાન વગેરે સાથે આધ્યાત્મિક જ્ઞાન પણ પીરસવામાં આવે છે. વહેલી સવારના સુંદર વાતાવરણમાં તથા સાંજે ઠંડકવાળી આહલાદક મૌસમમાં યોજાતા આ રાજયોગ શિબિરમાં મોટી સંખ્યામાં શિબિરાર્થીઓ સામેલ થઈ યોગ શીખી રહ્યાં છે. બ્રહ્માકુમારીઝના રાજયોગ તજજ્ઞો દ્વારા પધ્ધતિસર યોગ ક્રિયાઓ તથા ધ્યાનની રીતો શીખવાડવામાં આવી રહી છે. આવતી કાલે આ શિબિરનો અંતિમ દિવસ છે.

### @ગાંધીનગર

● નારી સંરક્ષણ કેન્દ્ર દ્વારા મંગળવારના રોજ બપોરે ૧૨.૧૫ કલાકે સેકટર-૧૯, જીમખાના ખાતે વ્યાખ્યાન યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ગાંધીનગર દ્વારા આયોજિત દિવ્ય શાકોત્સવ ૨૦૧૬નો કાર્યક્રમ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન ભાટ ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

### સ્વ. સુલક્ષણાબેન મહેતાનું ચક્ષુદાન મેળવાયુ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેકટર-૮ના પ્લોટ નં. ૪૮૮/૧ નિવાસી ૮૮ વર્ષીય સુલક્ષણાબેન રવીન્દ્રરાય મહેતાનું ૭મી ફેબ્રુઆરીના રોજ દુઃખદ અવસાન થવા પામ્યું હતું. જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા સદગતના ચક્ષુઓનું દાન મેળવાયું છે. આ દાન સદગતના કુટુંબીજન પ્રતિકભાઈ મહેતાની સંમતિથી લેવાયા હતા. જેમને સંસ્થાના છત્રસિંહ મકવાણા દ્વારા પ્રેરિત કરાયા હતા. ચક્ષુદાન મેળવવાની તબીબી સેવામાં ડૉ. નિરવ, ડૉ. મીતે સેવા આપી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સિવીલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં પહોંચાડવાની સેવા સંસ્થાના કાર્યકર પી.જે. ચૌહાણે કરી હતી.

# આજે તમામ એગ્રો ડીલર્સ બંધ પાળશે

## કેન્દ્ર સરકાર દ્વારા જંતુનાશક દવા નિયમોમાં જટિલ અને અમાનવીય સુધારાના વિરોધમાં દેશભરમાં એગ્રો ડીલર્સ દ્વારા વેપાર ધંધા બંધ રાખી શાંતિપૂર્ણ વિરોધ નોંધાવાશે

ગાંધીનગર, તા.૮

ભારત સરકાર દ્વારા જંતુનાશક દવા નિયમો ૨૦૧૫માં સુધારો કરી જંતુનાશક દવા, રસાયણિક ખાતર તથા બિયારણ સંબંધી લાયસન્સ મેળવવાની પ્રક્રિયા વધુ જટિલ અને શૈક્ષણિક પાત્રતા ફરજિયાત કરવાનું નોટીફીકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ સુધારાના કારણે રાજયભરમાં આશરે ૫૦ હજારથી વધુ એગ્રો ડીલરો અને તેમના પર આશ્રિત આશરે અઢી લાખ જેટલા પરિવારો પર બેરોજગારીનું સંકટ તોળાવા પામ્યું છે. આ પરિસ્થિતિમાં નેશનલ સીડસ એસોસિએશન અને ઓલ ઈન્ડિયા પેસ્ટીસાઈડ્ઝ, સીડસ, ફર્ટિલાઈઝર્સ ડીલર એસોસિએશને તા. ૯મી ફેબ્રુઆરીએ સંપૂર્ણ ભારતના તમામ એગ્રો ડીલર્સને તેમની દુકાનો, ઓફિસ, ધંધો બંધ રાખી શાંતપૂર્ણ વિરોધ નોંધાવવા અપીલ કરી છે. ગુજરાતના તમામ એગ્રો વેપારીઓ આ દિવસે ધંધો બંધ રાખી દરેક તાલુકા મામલતદારને આવેદન પત્ર આપશે.

હાલના સમયમાં દેશના દરેક ગામમાં એગ્રોની દુકાનો છે જેમાં વર્ષોથી વેપારીઓ ધંધો કરી આજીવિકા રળી રહ્યા છે. સરકારના નવા સુધારાથી શૈક્ષણિક લાયકાત અંગેનો સુધારો આ વેપારીઓ માટે પાળવો લગભગ અશકય હોઈ તેમને વેપાર ધંધા બંધ કરવાની ફરજ પડી શકે તેમ છે વળી, ધંધાનું લાયસન્સ મેળવવા સંબંધી પ્રક્રિયા પણ આ સુધારાથી વધુ જટિલ બનશે. સરકારના આ સુધારાથી એગ્રો વેપારીઓ સાથે ખેડૂતોને પણ હાલાકીનો ભોગ બનવું પડશે તેવી દલીલ સાથે વિરોધનો સૂર વ્યકત કરવા એક દિવસના પ્રતિકાત્મક બંધનું એલાન આપવામાં આવ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાાવત)

શિયાળાની ઠંડક ધીમે ધીમે ઘટી છે ત્યારે ઉનાળાને વધાવવા શેરડીના રસનું આગમન નગરના ચાર રસ્તાઓ પર જોવા મળી રહ્યું છે. ગરમીમાં રાહત મેળવવા નાગરિકોને શેરડીનો રસ અત્યારથી જ મળી શકશે.

### વાતવાતમાં

● પેથાપુરના શાક માર્કેટમાં શાક લેવા ગયેલી એક મહિલાનું પર્સ માર્કેટમાં ઘુસી આવેલી એક ગાયના શીંગડે ભરાઈ જતા તે પર્સ પાછુ મેળવવાની ઝંઝટમાં અફડા તફડી મચી જવા પામી હતી. ખાસ્સી ધમાલ બાદ એક હિંમતવાન યુવાને ગાયના શીંગડેથી પર્સ કાઢી મહિલાને પરત કર્યું હતું.

● આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય માતૃભાષા દિન હોઈ માતૃભાષા અભિયાન તથા પુસ્તક પરબ અન્વયે સે-૮ની સરકારી પ્રાથમિક શાળામાં કાર્યક્રમ યોજાનાર છે. માતૃભાષા અભિયાન દ્વારા દર માસના પ્રથમ રવિવારે નગરમાં પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે.

● સરિતા ઉદ્યાન ખાતે ગાંધીનગરના પત્રકારોએ ચા-નાસ્તા પાર્ટીનું આયોજન કર્યું હતું. આ પાર્ટીમાં નગરના મોટા ભાગના પત્રકાર મિત્રોએ સામેલ થઈ હળવી પળો માણી હતી.

● મહાત્મા મંદિર નજીક ખ-૪ પાસે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈ વ્યકિતને ઈજા નહોતી પહોંચી પરંતુ બંને કાર ઈજાગ્રસ્ત થવા પામી હતી.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

### સરઢવની પરણિતા પુત્રી સાથે ગુમ થતા ફરિયાદ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના સરઢવ ખાતેથી બસમાં બેસી ગત ૬ ફેબ્રુઆરીના રોજ દર્શકભાઈ રાવલની ૨૪ વર્ષીય પત્ની ઉર્વીબેન રાવલ અને ૩ વર્ષની પુત્રી ધાર્મી કયાંક જવા નીકળ્યા હતા જે કયાંક ગુમ થઈ ગયા છે અને આજદિન સુધી કોઈ પત્તો લાગ્યો નથી.

ગુમ થનાર ઉર્જાબેન શરીરે મધ્યમ બાંધો, રંગ ઘઉંવર્ણો, ઉંચાઈ ૫ ફુટ, શરીરે પીલા કલરનો પંજબી ડ્રેસ તથા કાળા કલરનું સ્વેટર પહેરેલ છે. જયારે દિકરી ધાર્મીએ શરીરે બ્લ્યુ કલરનું જેકેટ ટોપી સાથે પહેરેલ છે. આ ગુમ થનાર મહિલા અને તેમની પુત્રીની જો કોઈને જાણ થાય તો નજીકમાં પોલીસ મથકમાં જાણ કરવી અથવા જિલ્લા પોલિસ કંટ્રોલ રૂમ નં. (૦૭૯) ૨૩૨ ૧૦૯૧૪ પર સંપર્ક સાધવો.

# દિલ્હી પબ્લીક સ્કૂલ ગાંધીનગરનો ભવ્ય વાર્ષિકોત્સવ ઉજવાયો







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા પાસે આવેલા દિલ્હી પબ્લીક સ્કૂલ ગાંધીનગરનો વાર્ષિકોત્સવ આજે મહાત્મા મંદિર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતા ૫૮૬ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહોત્સવમાં બાળકોએ ચાર દેશની સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. મહાત્મા મંદિર ખાતે યોજાયેલ આ મહોત્સવને નિહાળીને વાલઓએ તાળીઓના ગળગળાટથી વિદ્યાર્થીઓને વધાવી લીધા હતા.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આયોજીત દિલ્હી પબ્લીક સ્કૂલ ગાંધીનગરના વાર્ષિકોત્સવનો અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત અમદાવાદ ઓ.એન.જી.સી.ના નિવૃત ચીફ એજયુ.ડાયરેકટર આર.કે.શર્મા અને શાળાના ટ્રસ્ટી અપૂર્વ ગોયેન્કા તેમજ પ્રતિક ગોયેન્કાએ દિપ પ્રગટાવી મહોત્સવનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે શાળા પરિવાર તરફથી આમંત્રિત મહેમાનોનું ફુલહાર આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આર.કે.શર્માએ બાળકોને પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે આજની પેઢી દિન પ્રતિદિન વિજ્ઞાન તરફ આગળ વધી રહી છે. તમે પણ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વધુ ઉપયોગ કરીને ભણતરની સાથે ઈતર પ્રવૃતિમાં પણ આગળ વધો. વિદ્યાર્થીઓ જાતે જ વિવિધ પ્રવૃતિઓ છે અને જાતે આગળ વધે છે તે સરાહનીય બાબત છે. ત્યારબાદ બાળકો દ્વારા ડાન્સ, ડ્રામા, વોકલ, ગીત, ઈન્સ્ટુમેન્ટલ, ટેકવોન-ડો સહિતની કૃતિઓ રજુ કરી હતી. ચીન, જાપાન, અરેબીયન અને ભારતીય સંસ્કૃતિના ડાન્સ ગીત સાથે રજુ કરીને હાજર સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જયારે વિદ્યાર્થીઓએ સંગીતની સુરાવલીઓ વચ્ચે બજરંગી ભાઈજાનની કવ્વાલી રજુ કરતા તાળીઓના ગળગળાટથી બાળકોને વાલીઓએ વધાવી લીધા હતા. આ પ્રસંગે સ્વીમીંગ અને ટેનીસમાં નેશનલ કક્ષાએ વિજેતા બનેલા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ મહોત્સવમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળાનો શિક્ષકગણ હાજર રહ્યો હતો.

### પેથાપુરમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૮

મા અંબા મંડળ દ્વારા આગામી તા. ૧૨મી ફેબ્રુઆરીને શુક્રવારના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન શિવાજી બળેદવજી ડાભીના નિવાસસ્થાન પેથાપુર બટાકા મંડળીના પાછળ પટેલવાસ ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ભાવિક ભકતોએ લાભ લેવા ગામના અગ્રણી કાર્યકર નટુભાઈ દરજીએ જણાવ્યું છે.

### પથિકાશ્રમ સર્કલ પાસે એસ.ટી. બસની ટક્કરે દર્દીનું કરૂણ મોત

શહેરની સિવિલ હોસ્પિટલના નવીન ગેટ પાસે ગત સમી સાંજે માર્ગ ઓળંગી રહેલા દર્દીને એસ.ટી. બસના ચાલકે અડફેટે લેતા દર્દીનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે રહેતા અમરતભાઈ પટેલ બે દિવસ પહેલા બિમારીને લીધે ગાંધીનગર સિવિલમાં દવા લેવા માટે આવ્યા હતા બાદમાં દવા લઈ સિવિલના નવીન ગેટ તરફથી માર્ગ ઓળંગી રહ્યા હતા આ દરમિયાન પથિકાશ્રમ સર્કલ તરફથી આવતી એસ.ટી. બસ નં. જીજે-૧૮-વાય-૯૦૯૬ના ચાલકે તેમને અડફેટે લેતા અમરતભાઈને શરીરે લોહીયાળ ઈજાઓ થવા પામી હતી. જેથી ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. આ અકસ્માત અંગે મૃતકના પુત્ર હિતેશ અમૃતભાઈ પટેલે પોલીસ ફરિયાદ નોંધાવતા સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ખેલ મહાકુંભની કબડ્ડી સ્પર્ધામાં એસ.જી.સ્કૂલના બાળકો ઝળકયા



ગાંધીનગરની એસ.જી. ઈંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના ખેલાડીઓએ તાજેતરમાં જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ખેલ મહાકુંભની અંડર-૧૬ કબડ્ડી સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. સેકટર-૧૬ની મહાત્મા ગાંધી સ્કૂલમાં યોજાયેલી જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં એસ.જી.ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના અંડર-૧૬ કબડ્ડી સ્પર્ધાના પ્રિયાંશુ, જેમ્સ, ચેતન, સતિશ, વિવેક સુધાંશુ, જય અને કરનની ટીમે પ્રથમ ક્રમ મેળવી રાજયકક્ષાની સ્પર્ધામાં પોતાની ટીમની પસંદગી કરાવી છે. શાળા પરિવારે તેઓને અભિનંદન પાઠવ્યા છે.

### અડાલજ ઓવરબ્રિજ પાસે અજાણ્યા વાહનની ટક્કરે રાહદારીનું મોત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના અડાલજ ઓવરબ્રિજ પાસે ગત સાંજના સમયે અજાણ્યા વાહને અજાણ્યા પુરૂષને અડફેટે લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેથી તેનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર અડાલજ ઓવરબ્રિજ પાસે ગત રોજ પુરપાટ ઝડપે દોડી આવતા અજાણ્યા વાહને અજાણ્યા રાહદારીને જોરદાર ટકકર મારતા રાહદારી માર્ગની પાસે ફંગોળાઈ ગયો હતો અને બેભાન હાલતમાં સારવાર માટે ગાંધીનગર બાદ અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે જેની તપાસ જમાદાર મૂળજીભાઈ ચલાવી રહ્યા છે.

# શિયાળુ ખેતી પર હવામાન પલટાની ગંભીર અસર

## બટાકા, ઘઉં, એરંડા, રાયડો, તડબુચ, વરીયાળી, જીરૂ અને ઈસબગુલ જેવા પાકોમાં ઉતારો ઓછો થવાની દહેશત

ગાંધીનગર, તા.૮

દેશની મુખ્ય ત્રણ ઋતુઓ શિયાળો, ઉનાળો અને ચોમાસુ પોતાના નિર્ધારીત સમયગાળા દરમિયાન સ્વભાવ મુજબ વર્તતી નથી. જેથી સખત હવામાનમાં પલટો આવ્યા કરે છે અને તેની માનવજાત અને ખેતી ઉપર વ્યાપક અસરો જોવા મળી રહે છે. હાલમાં થઈ રહેલી શિયાળુ ખેતીમાં પાક ઓછો ઉતરવાની દહેશતે ખેડૂત વર્ગ હતાશામાં ધકેલાઈ ગયો છે ઠંડી, ગરમી, ધુમ્મસ અને હિમ પડવા જેવી કુદરતી પ્રક્રિયાઓ ખેતીને નુકસાન પહોંચાડી રહી છે અને જે કારણે ખેતીમાં રોગો ઉભા થાય છે. અને ખેતીમાં કરેલો ખર્ચ પણ માથે પડવાની સાથે બજારમાં પણ પુરવઠાની અછત સર્જાશે અને ભાવો ઉંચકાઈ જવાની સંભાવના છે.

રાજયના ખેડુતોએ શિયાળુ પાક એવા બટાકા, ઘઉં, એરંડા, રાયડો, તડબુચ, વરીયાળી, જીરૂ અને ઈસબગુલનું વાવેતર કરેલું છે. પરંતુ કુદરતની થપાટે ખેડુતોની મહેનત ઉપર પાણી ફરી વળે તેવી સ્થિતિ સર્જાઈ છે. શિયાળો પોતાનો અસલી મિજાજ બતાવતો નથી જેમાં ઠંડી, ગરમીના મિશ્રણ વચ્ચે ધુમ્મસ અને ઠાર સર્વત્ર ફરી વળ્યા છે જેની ગંભીર અસરો આ શિયાળુ પાકમાં પડી છે. છાશવારે પલાટતા હવામાનથી બટાકાના પાકમાં ઉતારો બેસતો નથી ત્યારે ઠાર પડવાથી એરંડા અને તડબુચ જેવા પાકો બળી જવા લાગ્યા છે જયારે ઘઉંના પાકમાં દાણો ઝીણો થઈ જવાની દહેશત ઉભી થઈ છે. રાયડામાં મોલો નામની જીવાત પડી છે જે અન્ય પાક જેવા કે વરીયાળી, જીરૂ અને ઈસબગુલને નુકસાન પહોંચાડી રહી છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

### સે-૪માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૮

સેકટર-૪-સી પ્લોટ નં. ૧૩૨૨/૨ ખાતે આગામી તા. ૧૦મી ફેબ્રુઆરીને બુધવારના રોજ બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આનંદના ગરબા ભાવનાબેન ગોકલાણી દ્વારા યોજવામાં આવશે. નગરના તમામ ભાવિક ભકતોને ઉપસ્થિત રહેવા લક્ષ્મીબા રાજેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા અર્જુનસિંહ ખોડાજી, ઉ.વ. ૬૬
- સ્વ. તારાબેન આત્મારામભાઈ પટેલ, ઉ.વ. ૬૬
- સ્વ. સમુબેન રમણભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૪
- સ્વ. ધનીબેન, ઉ.વ. ૮૦
- સ્વ. પટેલ સોમાભાઈ સનાભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. શર્મા કાન્તીભાઈ મગનભાઈ, ઉ.વ. ૫૦
- સ્વ. ચાવડા કનકસિંહ જસવંતસિંહ, ઉ.વ. ૩૨
- સ્વ. પોપટભાઈ મનાભાઈ વાલા, ઉ.વ. ૭૪
- સ્વ. રંજનબેન હસમુખભાઈ ભટ્ટ, ઉ.વ. ૬૨
- સ્વ. મંજુલાબેન ધીરજલાલ પરમાર, ઉ.વ. ૭૫
- સ્વ. હંસાબેન કરશનભાઈ, ઉ.વ. ૬૦